૮

ડો.સે ૫

S. J. & E. DEPTT.
- 2 SEP 2022
IWDMS No. 2700

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત સ્વરોજગારલક્ષી લોન યોજના હેઠળ અરજદારોની પસંદગી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/૧૦૨૦૧૯/એમઆર-૧૨૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૦/૦૮/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/ ૧૦૨૦૧૮/૮૧૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/ ૧૦૨૦૧૮/૮૧૪/અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૧૮/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ બિનિ/લોન યોજના/૨૦૨૦-૨૧/૨૧૮૮-૮૯

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગના લોકોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વરોજગારલક્ષી લોન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ઉક્ત યોજના અંતર્ગત અરજીથી લઇને મંજૂરી અર્થેની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવે છે. આ યોજનાની પ્રક્રિયાના ભાગરૂપે મળેલ અરજીઓની ચકાસણી કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૩) પરના આ વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિના સભ્યો અરજદારોને રૂબરૂ મુલાકાત(ઇન્ટરવ્યુ) કરી લાભાર્થીની પસંદગી કરતા હોય છે. પરંતુ રૂબરૂ મુલાકાતની પ્રક્રિયા પૂર્ણ કરવામાં બે માસથી વધુ સમય વ્યતીત થાય છે તેમજ આ પ્રક્રિયાની કેટલીક ખામીઓ પણ જણાય છે. આથી આ વિભાગ હેઠળ કાર્યરત અન્ય નિગમોની જેમ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત સ્વરોજગારલક્ષી લોન યોજના અંતર્ગત ડ્રો સિસ્ટમથી અરજદારોની પસંદગી કરવામાં આવે તો લાભાર્થી પસંદગી ઝડપી કરી શકાય તેમજ સમયનો વ્યય થતો અટકાવી શકાય અને લાભને પાત્ર લાભાર્થીને ઝડપી લાભાન્વિત કરી શકાય તે હેતુથી વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા

304 /ક્રોસે ૫
02/09/2022.

અમલિત સ્વરોજગારલક્ષી લોન યોજના અંતર્ગત ડ્રો સિસ્ટમથી અરજદારોની પસંદગી કરવામાં આવે તે માટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત સ્વરોજગારલક્ષી લોન યોજના હેઠળ લાભ લેવા ઇચ્છતા લાભાર્થીઓની પસંદગી ઝડપી કરી શકાય તેમજ સમયનો વ્યય થતો અટકાવી શકાય અને લાભને પાત્ર લાભાર્થીને ઝડપી લાભાન્વિત કરી શકાય તે હેતુથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત સ્વરોજગારલક્ષી લોન યોજના અંતર્ગત ડ્રો સિસ્ટમથી અરજદારોની પસંદગી કરવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત સ્વરોજગારલક્ષી લોન યોજનાને લગતા વંચાણે લીધેલ ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૪/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(3) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૭) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૮) સિલેકટ ફાઇલ